| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૧ તથા ૦૫/૦૬/૨૦૨૧ |
| રજી. લીધા તારીખ | ૨૬/૦૨/૨૦૨૧ તથા ૦૫/૦૬/૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૨૮/૦૩/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**ભાવનગર જીલ્લાના મહે. પાચમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની**
**અદાલત સમક્ષ, મું. ભાવનગર**

**સેશન્સ કેસ નં.૪૯/૨૦૨૧ સાથે**
**સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૧**
**આંક –**

શ્રી સરકાર
(નિલમબાગ પો.સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૮૦૦૧૨૦૧૫૩૩/૨૦૨૦)
............ફરિયાદી.

**વિરુધ્ધ**

**સેશન્સ કેસ નં.૪૯/૨૦૨૧**
(૧) રામસીંગ અર્જુનસીંગ બાવરી, ઉ.વ.૨૨,
ધંધો : મજુરી, જાતે : ચીકલીકર,
(૨) શ્યામસીંગ અર્જુનસીંગ બાવરી, ઉ.વ.૧૯,
ધંધો : અભ્યાસ, જાતે : ચીકલીકર,
રહે. બન્ને હાલ સ્વપ્નસૃષ્ટી સોસાયટી, આખલોલ જકાતનાકા પાસે,
ભાવનગર
(૩) પ્રતાપસિંહ ઉર્ફે સોનુસીંગ મનજીતસીંગ દુદાણી, ઉ.વ.૨૦,
ધંધો : ભુંડ પકડવાનો, જાતે : ચીકલીકર,
રહે. વારસીયા ખાડી, તલાવડી, વડોદરા
(૪) જયોતિકોર અર્જુનસીંગ બાવરી, ઉ.વ.૪૫,
ધંધો : ઘરકામ, જાતે : ચીકલીકર
રહે. હાલ સ્વપ્નસૃષ્ટી સોસાયટી, આખલોલ જકાતનાકા પાસે,
ભાવનગર

**સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૧**
(૫) શૈલેષભાઈ રસીકભાઈ ધંધુકીયા, ઉ.વ.૪૫,

રહે. દેવુબાગ, કુમારશાળાની બાજુમાં,
કાલન્દી એપાર્ટમેન્ટ, બી/૧૦૮, ભાવનગર .............આરોપીઓ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૩ મુજબ.**

શ્રી સરકાર તરફે :: વિ. એ. જી. પી. કું. વાય. એમ. પંડયા
આરોપીઓ નં.૧ થી ૪ તરફે :: વિ. ધારાશાસ્ત્રીશ્રી એ. એચ. ઝાલા
આરોપી નં.૫ તરફે :: વિ. ધારાશાસ્ત્રીશ્રી પી. પી. જાડેજા

## –:: ઠ રા વ ::–

(૧) આરોપીઓ વિરૂધ્ધ નિલમબાગ ગુ. ર. નં.૧૧૧૯૮૦૦૧૨૦૧૫૩૩/૨૦૨૦, તે ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૩ મુજબના સજાને પાત્ર ગુનાનું ચાર્જશીટ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ભાવનગરની રૂબરૂ પોલીસ તરફથી સાદર કરવામાં આવતા, તે ફોજદારી કેસ નંબર : ૫૦૫૧/૨૦૨૧ અને ફોજદારી કેસ નં.૮૫૮૭/૨૦૨૧થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) આ કામે ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, ગઈ તા.૨૭/૦૯/૨૦૨૦ના કલાક–૨૧:૦૦ થી તા.૨૮/૦૯/૨૦૨૦ના કલાક–૧૫:૩૦ વાગ્યા દરમ્યાન વિજયરાજનગર, પ્લોટ નં.૫૭૬–એ., ભાવનગર ખાતે આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરના રહેણાંકી મકાનની દિવાલ દરવાજાનુ તાળુ તથા મેઈન દરવાજાનું ઈન્ટરલોક લાકડા સાથે કોઈ પણ હથીયારથી તોડી ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરમા રાખેલ લોખંડની તિજોરી તથા બેડરૂમમાં એક લાકડના કબાટ ખોલી તેમા રાખેલ સોનાના દાગીના વજન આશરે ૧૨ તોલા કીંમત રૂા.૩,૦૦,૦૦૦/– તથા રોકડા રૂા.૧૨,૦૦૦/– મળી કુલ રૂા.૩,૧૨,૦૦૦/– ના માલમત્તાની ચોરી કરી આરોપીઓએ ગુન્હામા એકબીજાની મદદગારી કરી, આરોપી

નં.પ નાએ આરોપી નં.૪ ના પાસેથી ચોરીનો મુદ્દામાલ તે ચોરીનો મુદ્દામાલ હોવાનું જાણવા છતા સ્વીકારી તેને પીગાળી ઢાળીયા બનાવી તેનો નિકાલ કરી અને આવુ એકથી વધુ કીસ્સામા કરી ચોરીનો મુદ્દામાલ રાખવાની ટેવ ધરાવતા હોય ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, ગુન્હો કરેલ હોય, તે મતલબની ફરીયાદી ધ્વારા ધોરણસરની ફરીયાદ આર. આઈ. સોલંકી, ઈ.ચા.પો.ઈ., નિલમબાગ પો.સ્ટે., રુબરુ નોંધાવવામાં આવતાં સદર ગુન્હો નિલમબાગ પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૮૦૦૧૨૦૧૫૩૩/૨૦૨૦ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૩ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

(૩) તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા આ ગુન્હા સંદર્ભેની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સબબ તહોમત/ચાર્જશીટ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ભાવનગરની કોર્ટમાં રજુ કરતાં તેને ફો. કે. નં.૫૦૫૧/૨૦૨૧ અને ફોજદારી કેસ નં.૮૫૮૭/૨૦૨૧ થી રજીસ્ટરે નોંધવામા આવેલ છે.

(૪) આ કામે આરોપીઓ સામે નોંધાયેલ ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોય ભાવનગરના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભાવનગર નાએ આરોપીઓ સામેનો કેસ સી. આર.પી. સી. ની કલમ ૨૦૯ હેઠળ ભાવનગરની સેશન્સ જજ સાહેબની અદાલતમાં કેસ કમીટ કરતો હુકમ કરેલ અને ભાવનગરની સેશન્સ અદાલતમા સદરહું કેસ સબંધીત રજીસ્ટરે પ્રથમ સેશન્સ કેસ નંબર ૪૯/૨૦૨૧ ના કામના આરોપીઓ સામે અને ત્યારબાદ સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૧ના કામના આરોપીઓ સામે પુરવણી ચાર્જશીટ ભાવનગરના મહે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરેલ અને સદર સેશન્સ કેસો ભાવનગરની હકૂમતન હોય, ભાવનગરના સેશન્સ જજ

સાહેબનાઓ દ્વારા અત્રેની ભાવનગરના પાંચમાં એડી. સેશન્સ કોર્ટમાં ટ્રાયલ ચલાવવા સારું ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદરહું સેશન્સ કેસ અત્રેની સેશન્સ અદાલતમાં ટ્રાન્સફર થઈને ન્યાયીક કાર્યવાહી ચલાવવા માટે આવેલ છે.

(૫) આરોપીઓ સામે ઉપરોકત ગુનાનું તહોમતનામું આંક–૪ થી ફરમાવવામાં આવેલ અને સદર તહોમતનામું વાંચી, સંભળાવતા તેઓનું આંક–૫ થી આંક–૯ સુધીનું નીવેદન નોંધતાં તેઓના નિવેદનોમાં ગુનાનો ઈન્કાર કરી તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૬) આ કામે અમારી સમક્ષ આરોપીઓ વિરૂધ્ધ જે પુરાવો નોંધાયેલ છે, તપાસના જે કાગળો રજુ થયેલા છે તેમાંથી ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ આરોપ પુરવાર કરવા મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે જણાવ્યા મુજબ રજુ થયેલા છે.

**–:: મૌખિક પુરાવાઓ ::–**

| ક્રમ | સાહેદ નું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | કમલેશભાઈ હીરજીભાઈ લાખાણી | પંચસાહેદ | ૧૧ |
| ૨ | હેમંત અનીલભાઈ ભટ્ટ | પંચસાહેદ | ૧૩ |
| ૩ | કૈલાશબેન રણછોડભાઈ | ફરીયાદી | ૧૪ |
| ૪ | બુધાભાઈ છગનભાઈ દેગામા | પંચસાહેદ | ૧૭ |
| ૫ | રાજેન્દ્રસિંહ બહાદુરસિંહ | સાહેદ | ૨૦ |
| ૬ | મુસ્તુફાભાઈ જમાલભાઈ કુરેશી | ત.ક.અ. | ૨૧ |
| ૭ | પ્રવિણભાઈ સવજીભાઈ | પંચસાહેદ | ૨૫ |
| ૮ | કરણસિંહ મનુભાઈ પરમાર | સાહેદ | ૨૬ |
| ૯ | નીતીરાજસિંહ ગુણવંતસિંહ | સાહેદ | ૨૯ |

(૭) આ કામે ફરિયાદ પક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## –:: દસ્તાવેજી પુરાવાઓ ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબ્જે કર્યાનુ પંચનામું | ૧૨ |
| ૨ | ફરીયાદ | ૧૫ |
| ૩ | પોઈન્ટ આઉટ પંચનામું | ૧૮ |
| ૪ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૫ | કલમ ઉમેરાની યાદીઓ | ૨૨ અને ૨૩ |
| ૬ | સ્ટેશન ડાયરીની નકલ | ૨૭ |
| ૭ | તપાસનો હુકમ | ૨૮ |
| ૮ | સી.આર.પી.સી.કલમ–૧૦૨ મુજબ મુદ્દામાલ કબ્જે કર્યાનુ પંચનામું | ૩૦ |
| ૯ | સ્થળ પરીક્ષણ અહેવાલો | ૩૧, ૩૨ |
| ૧૦ | તપાસ સોંપણીની જાણ કર્યાનો રીપોર્ટ | ૩૩ |
| ૧૧ | ગુન્હાનો રીપોર્ટ ''ઈ'' | ૩૪ |
| ૧૨ | આરોપીઓ તરફે મુદ્દામાલ અંગે રજુ કરેલ ''નો કલેઈમ પુરસીસ'' | ૩૬ |

(૮) ફરિયાદ પક્ષ તરફે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિધ્વાન એ.જી.પી. શ્રીએ આંક–૩૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું સી. આર. પી. સી. ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓનું સમગ્ર વિશેષ નિવેદન ધ્યાનમાં લેવામાં આવે તો તેઓએ પ્રોસીકયુશનના કેસની હકીકતોનો ઈન્કારીયતમા જવાબો આપેલા છે અને વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, છોડી મુકવા અરજ કરેલ છે અને તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો

તપાસવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ. જી. પી. શ્રી કું. વાય. એમ. પંડયાએ દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષ તરફે તેઓનો કેસ પુરવાર કરેલ છે. આ કામના આરોપીઓએ ફરીયાદીના મકાનના તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ છે તેમજ આરોપી નં.૫ નાએ ચોરીનો મુદ્દામાલ હોવા છતા તે સ્વીકારેલ. જે તમામ બાબતો ધ્યાને લેતાં હાલનો ગુન્હો આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કરેલ હોવાનું ફરીયાદપક્ષે તરફે નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને સખતમા સખત સજા કરવા વિનંતી કરેલ છે.

બચાવ પક્ષ તરફે આરોપી નં.૧ થી ૪ તરફે વિ. વ. શ્રી એ. એચ. ઝાલા તથા આરોપી નં.૫ તરફે વિ. વ. શ્રી પી. પી. જાડેજા નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીઓ ધ્વારા ફરીયાદમા જણાવ્યા મુજબની ચોરી કરેલાની કોઈ હકીકત ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આ કામના ફરીયાદીએ તેમની અદાલત રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમા હાલના આરોપીઓને તેમના ઘરમા ચોરી કરતા જોયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તપાસવામા આવેલા પોલીસ સાહેદોએ તેમણે કરેલ કાર્યવાહીને અનુરૂપ જુબાની આપેલ છે. આરોપી પાસેથી કબ્જે લીધેલ મુદ્દામાલ અંગેના પંનામાના પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. પોલીસે કબ્જે લીધેલ મુદ્દામાલ હાલના આરોપીઓની કસ્ટડીમાંથી જ મળી આવેલ હોય તેમજ કહેવાતી ચોરી હાલના આરોપીઓએ કરેલી હોય તેવુ બતાવતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ જ રીતે આરોપી નં.૫ નાએ આરોપી નં.૪ પાસેથી ચોરીનો મુદ્દામાલ સ્વીકારેલો હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા

અરજ કરેલ છે.

(૯) આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાન લેતાં નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

**<u>-:: મુ દ્દા ઓ ::-</u>**

(૧) શું ફરીયાદપક્ષ એ નિશંકપણે સાબીત કરે છે કે, ગઈ તા.૨૭/૦૯/૨૦૨૦ના કલાક-૨૧:૦૦ થી તા.૨૮/૦૯/૨૦૨૦ના કલાક-૧૫:૩૦ વાગ્યા દરમ્યાન વિજયરાજનગર, પ્લોટ નં.૫૭૬-એ., ભાવનગર ખાતે આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરના રહેણાંકી મકાનની દિવાલ દરવાજાનુ તાળુ તથા મેઈન દરવાજાનું ઈન્ટરલોક લાકડા સાથે કોઈ પણ હથીયારથી તોડી ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરમા રાખેલ લોખંડની તિજોરી તથા બેડરૂમમાં એક લાકડના કબાટ ખોલી તેમા રાખેલ સોનાના દાગીના વજન આશરે ૧૨ તોલા કીંમત રૂા.૩,૦૦,૦૦૦/- તથા રોકડા રૂા.૧૨,૦૦૦/- મળી કુલ રૂા.૩,૧૨,૦૦૦/- ના માલમત્તાની ચોરી કરી આરોપીઓએ ગુન્હામા એકબીજાની મદદગારી કરી, આરોપી નં.૫ નાએ આરોપી નં.૪ ના પાસેથી ચોરીનો મુદ્દામાલ તે ચોરીનો મુદ્દામાલ હોવાનું જાણવા છતા સ્વીકારી તેને પીગાળી ઢાળીયા બનાવી તેનો નિકાલ કરી અને આવુ એકથી વધુ કીસ્સામા કરી ચોરીનો મુદ્દામાલ રાખવાની ટેવ ધરાવતા હોય ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલા છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ અને ૨ ની ચર્ચા :–**

(૧૧) ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનો પાયાનો સિધ્ધાંત એ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધની તહોમત કોઈ પણ જાતની વ્યાજબી શંકાથી પર રહીને સાબીત કરવાની હોય છે. આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે આ કામે ફરીયાદી કૈલાશબેન રણછોડભાઈને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેમનુ ઘર બંધ કરીને સુરત ખાતે તેમના ભાઈની ઉત્તરક્રિયામા ગયેલ ત્યારે તેમની બહેનપણીનો ફોન આવેલ કે, ઘરનો દરવાજો ખુલ્લો છે અને તાળા તુટેલા છે. જેથી તેઓ પાછા આવેલા ત્યારે જોયુ તો તાળુ તુટેલુ હતુ અને ઘરમા ચોરી થયેલી તેમજ તપાસ કરતાં ઘરમાંથી સોના ચાંદીના ઘરેણા વિગેરેની ચોરી થયેલાનુ જણાતા તેઓએ ફરીયાદ નોંધાવેલી. આમ, ફરીયાદીએ આંક–૧૫ વાળી ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ છે. જો કે ફરીયાદીની સમગ્ર જુબાનીનુ મુલ્યાંકન કરતાં ચોરી ચોકકસ કયા સમયે થયેલી અને કોણે કરેલી તે સંબંધે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, એલ.સી.બી. ભાવનગરનો સ્ટાફ ભાવનગર શહેરમા અને આજુબાજુમાં થયેલી ચોરીના અનડીટેકટ ગુના ડીટેકટ કરવા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અગાઉ અન્ય કેસોમાં ચોરીમા પકડાયેલા હાલના આરોપીઓ નં.૧ થી નં.૪ ચોરીના મુદ્દામાલ સાથે ભાવનગર સોની બજારમા વેચવા નિકળવાના છે તેવી બાતમી મળતાં વોચમા હતા. આ દરમ્યાન હાલના આરોપીઓ ભાવનગર રાજકોટ રોડ, ભાવનગર હાદાનગર તરફ જવાના રસ્તાના નાકેથી નિકળતાં પોલીસ સ્ટાફ ધ્વારા તેઓને અટકાવી ઝડતી કરતાં આરોપી નં.૧ થી ૪ નાઓ બે મોટર સાઈકલ ઉપર કાપડની થેલીઓ સાથે જતા હતા. જે ખોલીને તપાસતાં આ કાપડની બેગીમાંથી જુદા જુદા સોના ચાંદીના ઘરેણા, ઘડીયાળો, ચાંદીના સીકકાઓ, ઈમીટેશન જવેલરી, રોકડ રકમ તથા ચોરી કરવા માટે વપરાતો સામાન મળી આવેલ. જે સંબંધે આરોપીઓ પાસે મુદ્દામાલની માલીકી સંબંધેના પુરાવા માંગતા આરોપીઓએ યોગ્ય ખુલાસો રજુ કરેલો નહી. જેથી સમગ્ર મુદ્દામાલ એલ.સી.બી. ભાવનગર ધ્વારા પંચો રૂબરૂ પંચનામું કરી કબ્જે લેવામા આવેલ.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૧૨થી એલ.સી.બી., ભાવનગર ધ્વારા જે પંચોની હાજરીમાં આરોપીઓની કસ્ટડીમાંથી મુદ્દામાલ કબ્જે લીધેલ. તે પંચનામાના પંચ કમલેશભાઈ હીરજીભાઈ લાખાણીને આંક–૧૧થી તથા હેમંતભાઈ અનીલભાઈ ભટ્ટને આંક–૧૩થી સોગંદ ઉપર તપાસેલ છે. આ બન્ને પંચ સાહેદોએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, પોલીસે તેઓને એલ.સી.બી. ઓફીસે બોલાવી અને તે ઓફીસના ટેબલ ઉપર મુદ્દામાલ ઘરેણા, ઘડીયાળ વિગેરે પડેલ હતા તથા ઓફીસની બહાર મેદાનમાં ટુ વ્હીલર મોટર સાઈકલ હતી. જે પોલીસે તેઓની હાજરીમાં કબ્જે લીધેલી અને તે અંગેનું પંચનામું કરેલુ. સદર પંચનામું આંક–૧૨થી રજુ થયેલ છે. તે સાથે પંચોની જુબાની ધ્યાને લેતાં આરોપીઓની કસ્ટડીમાંથી એલ.સી.બી. પોલીસ

ભાવનગરે સ્થળ ઉપર આરોપીઓની કસ્ટડીમાંથી મુદ્દામાલ કબ્જે લીધો હોય તેવી વિગતોને સમર્થન મળતુ નથી. આ જ રીતે હાલના આરોપી નં.૧ થી ૪ ની કસ્ટડીમાથી કહેવાતો મુદ્દામાલ કબ્જે લેવામા આવેલ હોય તેવી હકીકતને પણ સમર્થન મળતુ નથી.

(૧૫) ફરીયાદપક્ષના કેસ મુજબ ત્યારબાદ એલ.સી.બી. ભાવનગર દ્વારા સી.આર.પી.સી. કલમ–૧૦૨ હેઠળની કાર્યવાહી કરી કહેવાતો મુદ્દામાલ સંબંધીત ગુન્હા જે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હતા. તે બોરતળાવ પોલીસ સ્ટેશનમા સોંપી આપેલો. જયાં સંબંધીત તપાસ કરનાર અમલદારે હાલના ગુન્હાના કામે આરોપીઓને અટક કરેલા અને જુદા જુદા ગુન્હાનો મુદ્દામાલ અલગ અલગ કરી પંચોની હાજરીમાં તમામ ગુના માટે એક જ સંયુકત પંચનામું કરી કબ્જે લીધેલ છે. સદર મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું આંક–૧૯ થી રજુ થયેલ છે. જે પંચનામાના પંચ સાહેદ બુધાભાઈ છગનભાઈ દેગામાને આંક–૧૭થી તથા આંક–૨૫ થી પ્રવિણભાઈ સવજીભાઈ યાદવ નાઓને તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તા.૨/૧૨/૨૦૨૦ના રોજ પોલીસે તૈયાર પંચનામામા સહીઓ કરાવેલી.

આરોપી તરફે થયેલી ઉલટતપાસમા તેઓએ કબુલ કરેલ છે કે, પંચનામામા સહી કર્યા સિવાય બીજુ કાંઈ જાણતા નથી. તેમની હાજરીમાં કોઈ વ્યકિત જુદી જુદી જગ્યાએ ચોરીની જગ્યા બતાવતા લઈ ગયા હોય તેવુ બનેલ નથી કે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી.

આમ, આ પંચસાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેતાં પોલીસે તેમની હાજરીમાં મુદ્દામાલ ઘરેણા સીલ કરેલા હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી.

(૧૬) વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૮ થી પોઈન્ટ આઉટ પંચનામું રજુ કરેલ છે. ફરીયાદ પક્ષની દલીલ મુજબ આરોપી નં.૪ નાઓ પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન પંચોની હાજરીમાં સ્વખુશીથી તેઓએ જે જે જગ્યાઓએ ચોરી કરેલી તે જગ્યાઓ બતાવેલી અને તે કાયવાહીનું પંચનામું કરેલુ. આ પંચનામાના પંચ બુધાભાઈ છગનભાઈ દેગામાને આંક–૧૭થી તથા બીજા પંચસાહેદ પ્રવિણભાઈ સવજીભાઈ યાદવને આંક–૨૫ થી તપાસેલ છે. આ બન્ને પંચ સાહેદોએ પંચનામા ઉપર પોતાની સહી હોવાનું જણાવ્યા સિવાય ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આ બન્ને પંચસાહેદોને વિ. એ. પી. પી.શ્રીએ અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવેલ. ઉલટતપાસ કરવા છતાં કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર રજુ કરાવી શકેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષ તરફે આંક–૨૬થી સાહેદ કરણસિંહ મનુભાઈ પરમાર તેમની જુબાનીમા તેઓ ફરજ પર હતા દરમ્યાન ફરીયાદીની ફરીયાદ ઈ.ચા. પો.ઈ. આર.આઈ. સોલંકીએ તેઓને સોંપતા તેઓએ ફરીયાદના અનુસંધાને સ્ટેશન ડાયરીમા નોંધ કરી આગળની તપાસ આર.આઈ.સોલંકીને સોંપી આપેલી. તેમની જુબાનીમા આંક–૨૭થી સ્ટેશન ડાયરી તથા આંક–૨૮ થી તપાસનો હુકમ રજુ કરેલ છે. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમણે સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી.

આમ, સદરહુ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેમણે ફકત સ્ટેશન ડાયરીમા નોંધ કરેલાની હકીકત જણાવેલ છે. જેથી આ સાહેદના પુરાવામાંથી હાલના આરોપીઓને ફરીયાદમાં જણાવ્યા મુજબનાં ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

(૧૮) વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૦થી એલ.સી.બી. સ્ટાફ ભાવનગરના પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ બહાદુરસિંહ તેમજ આંક–૨૯થી એલ.સી.બી. ભાવનગરના પી.એસ.આઈ. શ્રી એન. જી. જાડેજા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. આ બન્ને સાહેદોએ તેઓ પેટ્રોલીંગમા હતા તે સમયે આરોપી નં.૧ થી ૪ નાઓને હાલના ગુન્હાના મુદ્દામાલ સહીત અન્ય મુદ્દામાલ સાથે પકડેલ હતા અને તે અંગેનું પંચનામું કરી મુદ્દામાલ કબ્જે લીધેલ હતો તેમજ આરોપીઓએ તેઓની રૂબરૂમાં જુદી જુદી જગ્યાએ ચોરી કરેલાનું કબુલેલ તેવી હકીકતો જણાવી છે. જો કે અત્રે નોંધનીય છે કે, આ બન્ને સાહેદો પોલીસ સાહેદો છે. તેઓની હાજરીમા થયેલ મુદ્દામાલ કબ્જે લીધા અંગેનું પંચનામું તથા તેમનો પુરાવો ધ્યાને લેતાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ અનડીટેકટ ગુન્હાઓને ડીટેકટ કરવા અર્થે પેટ્રોલીંગમા હતા. પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો સાથે રાખેલ ન હતા કે કોઈને તપાસવામા આવેલા નથી. જે પંચોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે લેવામા આવેલો તેઓએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી બલ્કે એલ.સી.બી. કચેરીમાં મુદ્દામાલ હતો તે તેમની હાજરીમાં સીલ કરવામા આવેલો તેમ જણાવેલ છે આવા સંજોગોમાં આ બન્ને સાહેદો કે જે પોલીસ સાહેદો છે તેઓને ગુન્હાના પરીણામમા હિત રહેલ છે. તેથી માત્ર આવા સાહેદોની જુબાનીને આધારે અને અન્ય કોઈ સ્વતંત્ર પુરાવાના અભાવે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય નહી.

(૧૯) વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. એમ. જે. કુરેશીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ ગુન્હાના કામે જે તપાસ કરેલી. તે સંબંધેનો પુરાવો રજુ કરેલ છે. આ સાહેદે પંચોની રૂબરૂમાં પોઈન્ટ આઉટ પંચનામું આંક–૧૮ વાળુ તથા મુદ્દામાલ કબ્જે કર્યાનુ પંચનામું આંક–૧૯ વાળુ કરેલુ અને આરોપીઓએ પંચો અને તેમની હાજરીમાં હાલના

ગુન્હાવાળી જગ્યા તથા અન્ય ચોરી કરેલ તે જગ્યાઓ બતાવેલી તેમ જણાવેલ છે. જો કે ઉપર ચર્ચા કરી તે મુજબ પંચોએ આવી હકીકતોને સમર્થન આપેલ નથી. તે જ રીતે જો આ કાર્યવાહીને સાચી માની લેવામા આવે તેમછતાં ભારતીય પુરાવા ધારાની કલમ–૨૫ મુજબ પોલીસ સમક્ષ આપેલ ગુન્હાની કબુલાતને પુરાવામા કોઈ મહત્વ હોતુ નથી.

(૨૦) આ કામે અત્રે એ હકીકત નોંધનીય છે કે, આ કામે કબ્જે લેવામા આવેલ મુદ્દામાલ કે જે અન્ય ગુન્હાઓના કામે સંયુકત પંચનામા ધ્વારા કબ્જે લેવામા આવેલ હોય, જે મુદ્દામાલ કબ્જે લેવાયા બાદ તેના સ્વરૂપમાં ફેરફાર થયેલ હોય તેની માલીકી યા આખરી નિકાલનો નિર્ણય હાલના તબકકે થઈ શકે તેમ નથી.

(૨૧) ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતાં સદર ગુનાના કામે રજુ થયેલ મુદ્દામાલ હાલના આરોપીઓની કસ્ટડીમાંથી જ કબ્જે લેવામા આવેલો કે કેમ? તે બાબત નિ:શંકપણે પુરવાર થતી નથી. આ જ રીતે આરોપીઓએ પોલીસની હાજરીમાં પંચો રૂબરૂ અથવા ફરીયાદી રૂબરૂ ગુન્હાની કબુલાત કરેલી હોય તથા પોતે જે જે જગ્યાઓએ ચોરી કરેલી હોય તે જગ્યાઓ બતાવેલી હોય તો તેવી કબુલાત અથવા તો ગુન્હા સાથે પોતાને સાંકળતો પુરાવો પોલીસ સમક્ષનો હોય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ધ્યાને લેવાને પાત્ર નથી. વધુમાં પંચોની જુબાનીમાથી પણ કહેવાતો મુદ્દામાલ હાલના આરોપીઓની કસ્ટડીમાંથી કબ્જે લેવામા આવેલ હોય કે તેઓએ રજુ કરેલ હોય તેવુ ફલીત થતુ નથી. વધુમાં આરોપી નં.પ નાએ અન્ય આરોપી પાસેથી ચોરીનો મુદ્દામાલ સ્વીકારેલ હોય અથવા પોલીસે કબ્જામાંથી તેવા મુદ્દામાલ રીકવર કર્યો હોય તેવુ નિ:શંકપણે પુરવાર થયેલ નથી. તેથી આરોપી નં.પ ચોરીનો મુદ્દામાલ રાખવાની ટેવવાળા હોય તેવુ સાબીત થતુ નથી. આ સંજોગોમાં

માત્ર પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીઓ સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર થયેલા માની શકાય નહી. જે તમામ બાબતો ઘ્યાને રાખતા ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂઘ્ઘનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## ll હુ ક મ ll

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ર૩પ(૧) અન્વયે આરોપીઓ નં.(૧) રામસીંગ અર્જુનસીંગ બાવરી, નં.(ર) શ્યામસીંગ અર્જુનસીંગ બાવરી, રહે. બન્ને હાલ સ્વપ્નસૃષ્ટી સોસાયટી, આખલોલ જકાતનાકા પાસે, ભાવનગર, નં.(૩) પ્રતાપસિંહ ઉર્ફે સોનુસીંગ મનજીતસીંગ દુદાણી, રહે. વારસીયા ખાડી, તલાવડી, વડોદરા, નં.(૪) જયોતિકોર અર્જુનસીંગ બાવરી, રહે. હાલ સ્વપ્નસૃષ્ટી સોસાયટી, આખલોલ જકાતનાકા પાસે, ભાવનગર, નં. (પ) શૈલેષભાઈ રસીકભાઈ ધંધુકીયા, રહે. દેવુબાગ, કુમારશાળાની બાજુમાં, કાલન્દી એપાર્ટમેન્ટ, બી/૧૦૮, ભાવનગરવાળાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૪પ૪, ૪પ૭, ૩૮૦, ૧૧૪, ૪૧૩ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલની માલીકી બાબતે હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટશ્રીએ ઈન્કવાયરી કરી ન્યાયીક હુકમ કરવો.

(૩) આ ચુકાદાની નકલ સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૧માં રાખવી.

(૪) આ કામના આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) પ્રમાણે અપીલ પીરીયડ સુધીના સમય માટેના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવાના રહેશે.

હુકમ આજ તા.૨૮, માહે માર્ચ, સને–૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૩/૨૦૨૨
ભાવનગર

(હર્ષવદન નરસિંહભાઈ વકીલ)
પાંચમા એડી. સેશન્સ જજ ભાવનગર
(Code No. GJ00584)

FAIZAN